# બાળકને છાત્રાલયમાં કેમ અને ક્યારે  મૂકવો જોઇએ ?

દરેક વાલીની અપેક્ષા હોય છે કે તેમનું બાળક સારું ભણે અને હોશિયાર બને. આ માટે તેઓ બાળકના અભ્યાસ માટે સારી શાળા-કોલેજ પસંદ કરવાનો પ્રયત્ન કરે છે. આવી સારી, મનગમતી, પોતાના ધ્યેયને સુધી લઇ જાય તેવી સંસ્થા જો તેમના ઘરની નજીક ન હોય તો દૂરની સંસ્થા પણ પસંદ કરતાં અચકાતા નથી. દૂરની સંસ્થા જ્યારે પસંદ કરે ત્યારે સ્વાભાવિક છે કે પોતાના બાળકને છાત્રાલય-હોસ્ટેલમાં મૂકવું જ પડે. જેમાં વાલી ખોટા પણ નથી. આમછતાં હમણાંથી એક વાવડ એવો પણ ફૂંકાયો છે કે, વાલીઓ પોતાના સ્ટેટસને પોષવા કે સાબિત કરવા માટે નાની ઉંમરના બાળકને હોસ્ટેલમાં મૂક છે. આમ કરીને પાછા તેઓ સમાજમાં બડાઇ પણ મારતા હોય છે કે, ભાઇ, અમે તો અમારા બાળકને ફલાણી જગ્યાએ હોસ્ટેલમાં મૂક્યો છે. ખૂબ જ વધારે આર્થિક સ્થિતિ ધરાવતા વાલીઓ પોતાના બાળકને હીલ સ્ટેશન પર આવેલા છાત્રાલયોમાં મૂકે છે, તો તેનાથી ઓછી આવક ધરાવતા વાલીઓ મોટા શહેરના છાત્રાલયો પસંદ કરે છે.

વાલીઓ બાળકોને છાત્રાલયમાં અભ્યાસાર્થે મૂકે છે ત્યારે તેમણે બે બાબતોનો ખૂબ જ પરિપક્વતાથી નિર્ણય લેવો જોઇએ. આ નિર્ણય દેકાદેખી કે માનમોભાનો નથી. પ્રથમ બાબત આવે છે કે, બાળકને છાત્રાલયમાં કેમ મૂકવો જોઇએ ? તો તેનો જવાબ એ હોઇ શકે કે તમારી નજીકના વિસ્તારમાં પોતાના ઘેર રહીને તમારું બાળક અભ્યાસ કરી શકે તેમ ન હોય તો જ તેને છાત્રાલયમાં મૂકીને અભ્યાસ કરાવવો જોઇએ. પણ અહીં કેટલીક બાબતોનો વિચાર કરવો પડશે. થોડો લાભ લેવા જતાં કે ટૂંકાગાળાના લાભ માટે વધારે ગુમાવવાનું ન આવે. મનોવિજ્ઞાનને આધારે જો નિર્ણય લેવાનો હોય તો નાની ઉંમર એટલે કે પ્રાથમિક શાળાના બાળકને છાત્રાલયમા મૂકીને અભ્યાસ કરાવવામાં મેળવવા કરતાં ગુમાવવાનું વધુ આવશે. કારણ કે, નાની ઉંમરમાં બાળકને મા-બાપના પ્રેમની જરૂરિયાત હોય છે. હોસ્ટેલમાં મૂકવાથી બાળકને આ પ્રેમ મળતો હોતો નથી. પરિણામે તેઓ મૂંઝવણની સાથે લઘુતા અનુભવતા શીખે છે. તેઓ પોતાના વિચારો મુક્ત મનથી જણાવી શકતા નથી. તેઓ પહેલ કરવાની વૃત્તિથી દૂર ભાગે છે.  નાના છોડને તમારે જેમ વાળવો હોય તેમ તમે વાળી શકો છો તેમ નાની ઉંમરના બાળકોમાં તમે જેવા સંસ્કારનું સિંચન કરવા ઇચ્છો તેવા સંસ્કાર-મૂલ્યોનું સિંચન કરી શકશો. તમે જે સમાજમાં રહો છો અને બાળકે પછી જે સમાજમાં જીવન વિતાવવાનું ચે તે સમાજના મૂલ્યો તેને નાનપણથી મા-બાપ જ સારી રીતે આપી શકે. આમ તો દરેક સામાન્ય વાલી પણ એ વિચારી જ શકે કે, નાની ઉંમરે બાળકને કયું વાતાવરણ વધુ અનુકૂળ આવે ? હા છાત્રાલયમાં રહેવાથી જે તે સમયે અક્ષરજ્ઞાન સારું મળશે કે કેટલીક નવીનવી પ્રવૃત્તિઓ કરશે. તો સામે સંસ્કાર અને હિંમત ગુમાવશે. વાત કરીએ તો પ્રવૃતિ ઘેર કે નજીકની શાળામાં ક્યાં નથી થતી. હા... પ્રવપત્તિમાં ફેર હશે, પણ તેનાથી સર્વાંગી વિકાસમાં કોઇ ફેર પડવાનો નથી. એક પ્રવૃ઼િ નહીં તો બીજી, પણ પ્રવૃત્તિ તો મળવાની જ છે.

ઉપરોક્ત વિચારોનો અર્થ એ નથી કે બાળકને છાત્રાલયમાં ન જ મોકલાય. હકીકતમાં બાળક છાત્રાલયમાં રહીને જેટલું શીખશે તેટલું મા-બાપ પાસેથી પણ કદાચ નહીં શીખે. પણ આ વિચાર

એવા બાળકો માટે છે કે જેઓ કેટલાક અંશે પરિપક્વ બની ગયા છે, સારું નરસું પારખી શકે છે. એટલે કે સાદી ભાષામાં કહેવું હોય તો કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા બાળકોને હોસ્ટેલમાં મૂકવા જ જોઇએ. અહીં ફરીથી યાદ કરી લઇએ કે બાળકોને નાની ઉંમરે હોસ્ટેલમાં ન મૂકવા જોઇએ, પણ મોટી ઉંમરના થાય ત્યારે અવશ્ય મૂકવા જોઇએ. હું તો એટલા સુધી કહીશ કે, કોલેજ કરતાં વિદ્યાર્થીની કોલેજ તમારા જ શહેરમાં હોય તો પણ તેને એકાદ-બે વર્ષ છાત્રાલયનો અનુભવ આપો જ. આ સમયે તે ખૂબ જ ઘડાશે. સમાજમાં લોકો સાથે કેવી રીતે રહેવું, કોની સાથે કેવું વર્તન કરવું, મિત્રતા કેળવવા શું કરવું, દુશ્મનો ના પાકે તે માટે શું કરવું વગેરેના પાઠ શીખશે જ. સાથે પોતાના કામ જાતે કરવા પડશે. પોતાના ઘેર પાણીનો પ્યાલો જાતે ન ભરતો બાળક હોસ્ટેલમાં રહીને પોતાના રૂમનો કચરો જાતે સાફ કરશે, પોતાના કપડાં જાતે ધૌઇને સૂકવશે, નાનીનાની બાબતોને યાદ રાખીને ચોક્કસ સમયે પૂર્ણ કરવાનો પ્રયત્ન કરશે અને જો તેમ નહીં કરે તો તેના પરિનામો તેને ભોગવવા પડશે. આ બાબતો જ તેને જીવનની કઠિનાઇ અને જીવન જીવવાની જડીબુટ્ટીઓની નજીક લઇ જશે. દરેક બાબતના જાતે જ નિર્ણય લેવા પડશે, જેમાંથી કેટલાક નિર્ણયો સાચા પડશે તો કેટલાક ખોટા. આ બાબત જ તેને ભવિષ્યમાં લેવાના તતા નિર્ણયોમાં ખુબ જ ઉપયોગી થઇ પડશે. ક્યારે સૂઇ જવું કે ક્યારે ઉઠવું જેવી સામાન્ય બાબતો પણ તે યોગ્ય સમયે અને યોગ્ય રીતે કરતો થઇ જશે. આવા અનેક બાબતો વિદ્યાર્થી હોસ્ટેલમાં રહીને શીખે છે. પણ જો તેને યોગ્ય સમયે હોસ્ટેલમાં મૂકવામાં આવેલ હોય તો. કોલેજ કક્ષાએ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતો વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કરીને જ્યારે હોસ્ટેલ છોડે છે, ત્યારે તે વિદ્યાર્થી ન રહેતા પુખ્તવયનો સમાજનો સભ્ય, રાજ્યનો નાગરિક બનીને બહાર નીકળે છે.

અંતે, એક બાબત નકકી ચે કે, નાની ઉંમરે બાળકને જો ચાત્રાલયમાં મૂકશો તો તે બાળક નામથી તમારું રહેશે, પણ કામથી તમારું નહીં જ રહે. જો આજે તમે તેને નાની ઉંમરમાં છાત્રાલયમાં મૂકશો તો યાદ રાખજો કે તમારી વૃદ્ધાવસ્થામાં તેને તમને વૃદ્ધાશ્રમમાં મૂકતા સહેજ પણ સંકોચ નહીં થાય. નકકી કરો કે તમારી પાછલી ઉંમરમાં તમારે ક્યાં રહેવું છે ? તમારા બાળકની સાથે ? તો તેને તમે પણ નાનપણમાં તમારી સાથે જ રાખો. તમને જેમ પાછલા સમયે તમારા બાળકની હૂફ અને પ્રેમ જોઇએ છે તેમ તેને પણ શરૂઆતના સમયે તમારી હૂંફ અને પ્રેમ જોઇએ છે. તમારું બાળક નાનપણથી જ હોસ્ટેલમાં રહીને ભવિષ્યમાં કદાચ દાક્તર કે એન્જિનીયર થશે, પણ સારો માણસ નહીં બને તો ? માટે જ બાળકમાં સારા માણસ માટેના જરૂરી ગુણો ખિલવવાની જવાબદારી સૌ મા-બાપે નિભાવવી જ રહી અને આ કામ બાળક નાનું હોય ત્યારથી જ કરવું પડશે.